એજન્ડા

# કારોબારી સમિતિની માસિક સભા

તારીખ અને વાર : શુક્રવાર, ૨૭ નવેમ્બર ૨૦૨૦

સમય : સાંજે ૪-૦૦ કલાકે

સ્થળ : વીડિઓ કોન્ફરન્સના માધ્યમથી


## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

શ્રી અંબિકા મીલ્સ - ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ,

પો.બો.નં. ૪૦૪૫, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

ફેક્સ : ૦૭૯-૨૬૫૮૭૯૯૨

ફોન : ૨૬૫૮૨૩૦૧/૨/૩/૪

ઈ-મેઈલ : gcci@gujaratchamber.org

વેબસાઈટ : www.gujaratchamber.org

૧૯ નવેમ્બર, ૨૦૨૦

પ્રતિ,
કારોબારી સમિતિના સભ્યશ્રીઓને,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની કારોબારી સમિતિની આગામી માસિક સભા શુક્રવાર તા. ૨૭-૧૧-૨૦૨૦ના રોજ સાંજે ૪-૦૦ કલાકે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી નીચેના કામકાજ માટે મળશે.

**આ મિટિંગ વર્તમાન COVID-19 ને ધ્યાને લઇને વિડીયો કોન્ફરન્સથી જ રાખવામાં આવી છે જેની લિંક આપને મોકલી આપવામાં આવશે.**

**: એજન્ડા :**

| | આઇટેમ | મીનીટ્સ અને એક્શન ટેકન રીપોર્ટ | પાના નં. |
|---|---|---|---|
| | ૧. | તા. ૨૯-૧૦-૨૦૨૦ના રોજ મળેલી કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહી મંજુર કરવા | ૧ થી ૧૦ |
| II | | માહિતી અને જાણ માટે | |
| | ૨. | પ્રમુખ અને અન્ય હોદ્દેદારોના અહેવાલો | |
| | | ૨.૧ અગત્યના પ્રસંગો | ૧૧ |
| | | ૨.૨ ચેમ્બર તરફથી થયેલ રજૂઆતો | ૧૧ થી ૧૨ |
| | | ૨.૩ એક્શન ટેકન રીપોર્ટ | ૧૨ થી ૧૩ |
| | | ૨.૪ સ્ક્રુટિની સમિતિનો રીપોર્ટ | ૧૩ |
| | | ૨.૫ ચેમ્બર દ્વારા આપવામાં આવેલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન અને વીઝા લેટર્સ અંગેની વિગત | ૧૩ |
| | | ૨.૬ ADRC દ્વારા થયેલ કાર્યોની વિગત | ૧૩ |
| | ૩. | કમિટિ અને સલાહકારી સમિતિના અહેવાલો | |
| | | ૩.૧ કમિટિઓની મિટિંગના અહેવાલ | ૧૩ થી ૧૪ |
| | | ૩.૨ સલાહકારી સમિતિની મિટિંગની માહિતી | ૧૪ |
| III | | ચર્ચા અને મંજુરી માટે | |
| | ૪. | પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે અંગે વિચારણા કરવા. | |
| | ૫. | રાષ્ટ્રગીત | |

આપને આ કારોબારી સમિતિની મિટિંગમાં અચૂક ઉપસ્થિત રહેવા વિનંતી છે.

આ સમિતિની મિટિંગનો વિગતવાર એજન્ડા આ સાથે સામેલ છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

યોગેન્દ્ર ત્રિવેદી
*સેક્રેટરી જનરલ*

# કારોબારી સમિતિની માસિક સભાની મીનીટ્સ

મિટિંગ નં. : ૩/૨૦૨૦-૨૧

તારીખ : ૨૯-૧૦-૨૦૨૦

સ્થળ : શેઠ શ્રી અમૃતલાલ હરગોવનદાસ મેમોરીયલ હોલ અને વિડીયો કોન્ફરન્સ

પ્રમુખ : શ્રી નટુભાઇ પટેલ

**એનેક્ષર-એ મુજબ સભ્યો આ મિટિંગમાં ઉપસ્થિત રહ્યા હતા.**

- પ્રમુખશ્રીએ સૌ સભ્યોને આવકાર્યા હતા.
- ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી માનનીય શ્રી કેશુભાઇ પટેલનું તા.૨૯-૧૦-૨૦૨૦ના રોજ નિધન થયું હતું. સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ આપી બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું હતું.
- પ્રમુખશ્રીએ સભાનું સંચાલન કરવા ઉપ-પ્રમુખ શ્રી કે. આઇ. પટેલને વિનંતી કરી હતી.

**એજન્ડા :**

**આઇટેમ નં. ૧**

- સભાના સંચાલકશ્રીએ તા. ૯-૧૦-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) જે અગાઉથી સૌને મોકલી આપેલ હતી તેને સર્વાનુમતે મંજુર કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.
- સભામાં ઉપસ્થિત સભ્યોએ તા. ૯-૧૦-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવ્યું હતું.

**ઠરાવ નં.૧**

આથી તા. ૯-૧૦-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

**આઇટેમ નં. ૨**

૨.૧

- ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ અગત્યના પ્રસંગોની વિગતવાર માહિતી એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી.
- સમિતિના સભ્યોએ આની નોંધ લીધી હતી.

૨.૨

- ૧ ઓક્ટોબર થી ૨૩ ઓક્ટોબર, ૨૦૨૦ દરમ્યાન ચેમ્બર તરફથી જે રજૂઆતો કરવામાં આવી હતી તેની વિગતો એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી.
- સમિતિના સભ્યોએ આની નોંધ લીધી હતી.

૨.૩

- તા.૯-૧૦-૨૦૨૦ની કારોબારી સમિતિમાં ચર્ચા થયેલ અગત્યના મુદ્દા ઉપર થયેલ કાર્યવાહીનો એક્શન ટેકન રીપોર્ટ એજન્ડા સાથે મોકલી આપ્યો છે જેની સમિતિના સભ્યોએ નોંધ લીધી હતી.

૨.૪

- તા. ૨૮-૧૦-૨૦૨૦ ના રોજ સ્ક્રુટિની સમિતિની મિટિંગમાં થયેલ કાર્યવાહીની વિગતો માનદ્-મંત્રી શ્રી પથિક પટવારીએ આપી હતી અને નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો.

ઠરાવ નં. ૨

આથી ઠરાવવામાં આવે છે કે સ્ક્રુટિની સમિતિના સભ્યો દ્વારા ચકાસણી કરી કારોબારી સમિતિને ભલામણ કરેલ કુલ-૫૨ અરજીઓને <u>એનેક્ષર-બી</u> મુજબ મંજુર કરવામાં આવે છે. જ્યારે સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિઓના નામમાં કોઇ પણ કેટેગરીના ફેરફારની કુલ-૧૩ અરજીઓને મંજુર કરવામાં આવે છે.

૨.૫

- ચેમ્બર તરફથી ઓક્ટોબર, ૨૦૨૦ દરમ્યાન ઇસ્યુ કરવામાં આવેલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીનની માહિતી આપતાં શ્રી પથિક પટવારીએ જણાવ્યું હતું કે સપ્ટેમબર માસમાં કુલ-૨૫૭૨ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન ઇસ્યુ કરવામાં આવ્યા હતા, જ્યારે ૧૦ વીઝા રેકમન્ડેશન લેટર્સ આપવામાં આવ્યા હતા.
- ઉપસ્થિત સૌ સભ્યોએ આની નોંધ લીધી હતી.

૨.૬

- સભાના સંચાલક શ્રી કે. આઇ. પટેલે જણાવ્યું હતું કે ચેમ્બરના પાર્કીંગમાં વરસાદના પાણી ભરાય છે ત્યારે નીચે સેલરમાં ADRC સેન્ટર અને લાયબ્રેરી છે ત્યાં ઘણું પાણી આવે છે અને ખુબજ નુકશાન થાય છે. આ બાબતને ધ્યાનમાં લઇને ચેમ્બરમાં પાર્કીંગમાં વોટરપ્રુફીંગ કરાવવું જરૂરી છે આ કાર્ય કારોબારી સમિતિની મંજુરીની અપેક્ષાએ શરુ કરવામાં આવ્યું છે તો આપ સૌને આની મંજુરી આપવા વિનંતી છે.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ ચેમ્બરના પાર્કીંગમાં વોટરપ્રુફીંગ કરાવવાની અને આ માટે જે પણ કાર્યવાહી કરવી પડે તેની તમામ સત્તા હોદ્દેદારોને આપી હતી.

<u>આઇટેમ નં. ૩</u>

<u>૩.૧</u>

- GCCI ની વિવિધ સમિતિઓની મિટિંગની માહિતી એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી તેની જાણ કરવામાં આવી હતી.
- શ્રી આશીષ ગુરુએ ફાર્મર કસ્ટમર માર્કેટ માટે અપ-કમીંગ સ્કીમમાં સરકાર જગ્યા ફાળવે તે માટે રજૂઆત કરવા સૂચન કર્યું હતું. આ ઉપરાંત તેમણે સેન્ટર રીસર્ચ પોટેટો ઇન્સ્ટીટ્યુટને

ગુજરાતમાં રીસર્ચ સેન્ટર શરૂ કરવા માટે જે અગાઉ પત્ર ફાળવવામાં આવ્યો હતો તેનું ફોલો-અપ કરવા જણાવ્યું હતું.

- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ ઉપરોક્ત રજૂઆત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.
- શ્રી ધિરેન્દ્ર દોશીએ એનર્જી કમિટિની મિટિંગમાં થયેલ કાર્યવાહીની જાણ કરતાં જણાવ્યું હતું કે ઓફીસ બેરર્સની શ્રી સૌરભભાઇ પટેલ, ઉર્જા મંત્રીશ્રી સાથે ફેબ્રુઆરી-૨૦૨૦ માં મળેલ બેઠકમાં જે મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા હતા તેમાંથી જે મુદ્દાઓનો ઉકેલ નથી આવ્યો તે મુદ્દાઓ ફરીથી રજુ કરવા.
- હાલમાં ગુજરાત સરકારે મોરબી સીરામીક એસોસીયેશન માટે જે રીતે કુદરતી ગેસના ભાવમાં ઘટાડો કરી આપ્યો છે તેવા જ ઘટાડાનો લાભ બીજા એસોસીયેશન અને ઉદ્યોગોને મળવો જોઇએ અને તે અંગે પણ રજૂઆત કરવાનું નક્કી થયું હતું.
- શ્રી ધીરેન્દ્ર દોશીએ વધુમાં જણાવ્યું હતું કે ઇન્ડસ્ટ્રીઝ દ્વારા જે Express Feeder લગાવવામાં આવે છે તેમાંથી બીજી ઇન્ડસ્ટ્રીઝને પણ કનેક્શન આપવામાં આવે છે. તે માટે એવું નક્કી કરવામાં આવ્યું હતું કે ડિસ્ટ્રીબ્યુશન કંપનીએ Express Feeder ટ્રીપીંગ પર એવી સ્વીચ નાંખવી જોઇએ જેથી બીજા ગ્રાહકને પાવરમાં ટ્રેપીંગ ના આવે.
- સપ્લાય કોડના નિયમો દરેક ડીસ્કોમ એકસરખા લાગુ કરવા જોઇએ.
- વધુમાં તેમણે જણાવ્યું હતું કે તા.૪-૩-૨૦૨૦ના ઓર્ડર દ્વારા GERC એ નવા HT કનેક્શન/ એડીશનલ લોડ માટે નવા ચાર્જીસ નક્કી કર્યા હતા અને તેના ઓર્ડરમાં ૫૦૦ કે.વી. થી નીચે કનેક્શનનો ચાર્જ રૂા.૧૫૦૦/- (કે.વી.એ. દીઠ) અને ૫૦૦ કે.વી. થી ઉપર કનેક્શનનો ચાર્જ રૂા.૧૮૦૦/- (કે.વી.એ. દીઠ) જણાવેલ છે જે ભાવ ખુબજ વધારે કહેવાય. આ અંગે GERC માં અગાઉ રજૂઆત કરેલ હતી પરંતુ કોઇ એક્શન લેવામાં આવેલ નથી. આ ઓર્ડર GERC માં કે હાઇકોર્ટમાં ચેલેન્જ કરવો જોઇએ. જો કારોબારી સમિતિની મંજુરી હોય તો આ અંગેની કાર્યવાહી કરી શકાય. તેમણે કારોબારી સમિતિ સમક્ષ મંજુરી માટે રજૂઆત કરી હતી જેને કારોબારી સમિતિએ મંજુર કરેલ છે.
- શ્રી જૈનિક વકીલે જણાવ્યું હતું કે હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા "વિવાદ સે વિશ્વાસ" યોજના તા.૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી છે. પરંતુ એપ્લાય કરવાની સમય મર્યાદા તા.૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ નક્કી કરવામાં આવી છે. તો તે મુદતને પણ લંબાવવામાં આવે તેવી રજૂઆત કરવી જોઇએ તેવું જણાવ્યું હતું. વધુમાં તેમણે CPC માં ગુજરાત રીજન માટે નોડલ ઓફીસરની નિમણૂંક અંગે રજૂઆત કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે બજેટ પહેલાનાં મેમોરેન્ડમ મોકલવાનું પણ જણાવ્યું હતું.
- શ્રી કિરીટ શાહે પ્રોફેશનલ ટેક્ષની નાબૂદી, ટ્રેડ કમિશનની નિમણૂંક, ટ્રેડ પોલીસીના પ્રશ્નો, ટ્રાફીકના પ્રશ્નો, પાર્કીંગની વ્યવસ્થા અને વીમા કંપનીઓ દ્વારા વીમા મંજુર કરવામાં જે હેરાનગતિ થાય છે તે પ્રશ્નોની રજૂઆત કરી હતી અને જણાવ્યું હતું કે તેમની કમિટિ દ્વારા આ પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવશે.

**૩.૨**

- સલાહકારી સમિતિની મિટિંગની વિગતો એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી તેની જાણ કરવામાં આવી હતી.

**આઇટેમ નં. ૪**

- સભાના સંચાલક શ્રી કે.આઇ. પટેલે જણાવ્યું હતું કે તા.૨૭-૧૦-૨૦૨૦ ની સમય મર્યાદામાં જે સભ્યો તરફથી વેપાર-ઉદ્યોગને લગતા પ્રશ્નો મળેલ છે તે અંગે ચર્ચા કરીએ.
- શ્રી હિતેન વસંતે શહેરમાં ટ્રકોની પ્રવેશની પરવાનગી અંગે કમિશ્નર સાથે કરવામાં આવનાર મિટિંગ અંગે રજૂઆત કરી હતી.
  - આના પ્રત્યુત્તરમાં શ્રી કિરીટ શાહે જણાવ્યું હતું કે મહાજન સંકલન સમિતિ (સ્થાનિક) ની મિટિંગમાં આ અંગે ચર્ચા થઇ હતી. આગામી બે-ત્રણ દિવસમાં કમિશ્નરશ્રીને ચેમ્બરમાં આમંત્રિત કરવામાં આવશે ત્યારે આ મુદ્દો રૂબરૂમાં ચર્ચામાં લઇશું.
  - વધુમાં તેમણે આ મિટિંગમાં શ્રી હિતેન વસંતને ઉપસ્થિત રહેવા જણાવ્યું હતું.
- શ્રી હિતેન વસંતે ડાંગરના ટેકાના ભાવથી ખેડૂતોના થતા નુકશાન અંગે રજૂઆત કરી હતી.
  - આના પ્રત્યુત્તરમાં પ્રમુખ શ્રી નટુભાઇએ આ અંગેનું ફોલોઅપ ની કાર્યવાહી ચાલુ છે તેમ જણાવી શ્રી હિતેન વસંત અને શ્રી આશીષ ગુરુ સાથે મિટિંગ કરી ડેટા સાથે રજૂઆત કરવા જણાવ્યું હતું.
- શ્રી મહેશ પુંજે કચ્છ ફર્નિચરનું હબ બની શકે તેમ છે તેમ જણાવતા કહ્યું કે સરકાર દ્વારા આને પ્રમોશન આપે તેવી રજૂઆત કરવી જોઇએ. આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ આ અંગે રજૂઆત કરવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું.
- શ્રી મદનલાલ જયસવાલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી બાંધકામ અંગે નોટીસ આપવામાં આવી રહી છે અને તે અંગે ખોટી હેરાનગતિ કરવામાં આવી રહી છે તે અંગે રજૂઆત કરી હતી.
  - શ્રી અંકિતભાઇએ ઇન્ડસ્ટ્રીમાં બાંધકામની મંજુરી માટે રજૂઆત કરવા સૂચન કર્યું હતું. પ્રમુખશ્રીએ આ અંગેની રજૂઆત ચેમ્બરમાં મોકલી આપવા જણાવ્યું હતું.
- શ્રી રમેશભાઇએ સોલરના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે માનનીય શ્રી સૌરભભાઇ પટેલ ચેમ્બરમાં આવવાના છે. તેમની સાથે સોલરના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવશે. વધુમાં તેમણે આ પ્રશ્નો ચેમ્બરમાં મોકલી આપવા વિનંતી કરી હતી.
- શ્રી જીજ્ઞેશ કારીયાએ માસ્ક ન પહેરનાર સામે રૂા.૧૦૦૦/- નો દંડ લેવામાં આવે છે, તેની સામે રજૂઆત કરવા છતાં પણ આ દંડ ઓછો કરવામાં આવેલ નથી. તો આ અંગે કડક પગલાં લેવા સુચન કર્યું હતું.
  - આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ હાઇકોર્ટનો આદેશ હોવાનું જણાવી સૌ નાગરિકની આ નૈતિક જવાબદારી હોવાનું જણાવ્યું હતું.

**આઇટેમ નં. ૫**

**પ્રમુખ સ્થાનેથી**

(૧) શ્રી પથિક પટવારીએ કારોબારી સમિતિની તા.૯-૧૦-૨૦૨૦ની મીનીટ્સ જે સરક્યુલેટ કરવામાં આવી છે તેની હાજરીમાં ઝૂમ દ્વારા ઉપસ્થિત રહેલા સભ્યોમાં ભૂલ છે જે સુધારી લઇએ તેમ જણાવ્યું હતું. ઉપસ્થિત સૌ સભ્યોએ આ સુધારાને માન્ય રાખ્યો હતો.

(૨) પ્રમુખશ્રી નટુભાઇ પટેલે જણાવ્યું હતું કે ગાંધીનગર ખાતે સ્ટેટ લેવલના પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી છે તેનું ફોલો-અપનું કાર્ય કરવા અને મીનીસ્ટર, સેક્રેટરી કે જે તે વિભાગના ઉચ્ચ અધિકારીઓની મુલાકાતનો સમય લેવા માટે તથા અન્ય કો-ઓર્ડીનેશન માટે ચેમ્બર તરફથી શ્રી અજય સાયગલની કો-ઓર્ડીનેશન તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ સર્વાનુમતે આ નિમણૂંકને મંજુર કરી બહાલી આપી હતી.

(૩) પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે GCCI સીલ્વર જ્યુબીલી ટ્રસ્ટ, અમદાવાદના તા. ૨૫-૩-૧૯૭૫ થી નિયુક્ત થયેલ ત્રણ ટ્રસ્ટીઓ પૈકી હાલમાં કોઇ પણ હયાત નથી. કારોબારી સમિતિને નવા ટ્રસ્ટીઓ નીમવાનો અધિકાર ટ્રસ્ટ ડીડની કલમ-૧૫ હેઠળ મળેલ છે તે અંગે ચર્ચા કરી નિમણૂંક કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.

- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ GCCI સીલ્વર જ્યુબીલી ટ્રસ્ટના નવા પાંચ ટ્રસ્ટીઓની નિમણૂંક કરવાની સત્તા સર્વાનુમતે ચેમ્બરના હોદ્દેદારોને આપી હતી.

(૪) COVID-19 ના કપરા સમયમાં GCCIના જે સ્ટાફ સભ્યોએ ચેમ્બરમાં હાજર રહી કામગીરી બજાવી હતી તેઓને ખાસ આમંત્રિત કરી ચેમ્બરના ઓફીસ બેરર્સ દ્વારા અભિનંદન કરવામાં આવ્યું હતું.

પ્રમુખશ્રીએ ઉપસ્થિત સૌ સભ્યોનો આભાર માની મિટિંગ પુરી થયેલી જાહેર કરી હતી.

**યોગેન્દ્રકુમાર ત્રિવેદી**
***સેક્રેટરી જનરલ***

**નટુભાઇ પટેલ**
***પ્રમુખ***

## એનેક્ષર-એ

૧. શ્રી નટુભાઇ એમ. પટેલ
૨. શ્રી હેમંત શાહ
૩. શ્રી કે. આઇ. પટેલ
૪. શ્રી પથિક પટવારી
૫. શ્રી વી.પી.વૈષ્ણવ
૬. શ્રી સચીન કે. પટેલ
૭. શ્રી દુર્ગેશ બુચ
૮. શ્રી આસિત શાહ
૯. શ્રી અજય એચ. પટેલ
૧૦. શ્રી અજીત શાહ
૧૧. શ્રી અંબર પટેલ
૧૨. શ્રી અમીત પરીખ
૧૩. શ્રી આનંદ પટેલ
૧૪. શ્રી અનિલ જૈન
૧૫. શ્રી અનિલ સંઘવી
૧૬. શ્રી અંકિત પટેલ
૧૭. શ્રી આશીષ ગુરુ
૧૮. શ્રી અશ્વિન નાયક
૧૯. શ્રી બી. કે. પટેલ
૨૦. શ્રી ભરત મોદી
૨૧. શ્રી ભાર્ગવ ઠક્કર
૨૨. શ્રી ભાવેશ લાખાણી
૨૩. શ્રી ભૂપેન્દ્ર પટેલ
૨૪. શ્રી બિપેન્દ્રસિંહ જાડેજા
૨૫. શ્રી ચેતન ડી. શાહ
૨૬. શ્રી ધીરેન્દ્ર દોશી
૨૭. શ્રી દિનેશ નાવડીયા
૨૮. શ્રી ગૌરાંગ ભગત
૨૯. શ્રી ગોપીનાથ અમીન
૩૦. શ્રી હરગોવિંદસિંહ રાજપૂત
૩૧. શ્રી હિરેન ગાંધી
૩૨. શ્રી હિતેન વસંત
૩૩. શ્રી જૈમિન શાહ
૩૪. શ્રી જૈનિક વકીલ
૩૫. શ્રી જતીન ત્રિવેદી
૩૬. શ્રી જીગીશ કે. શાહ
૩૭. શ્રી જીગીશ એન. દોશી
૩૮. શ્રી જીજ્ઞેશ કારીયા
૩૯. શ્રી જીતેન્દ્ર લાલ
૪૦. શ્રી કિરીટ કે. શાહ
૪૧. શ્રી કિરીટ એન. પટેલ
૪૨. શ્રી કિરીટ સોની
૪૩. શ્રી લાખાભાઇ કેશવાલા
૪૪. શ્રી લીલેશ ચૌધરી
૪૫. શ્રી મદનલાલ જયસવાલ
૪૬. શ્રી મહેશ પુજ
૪૭. શ્રીમતી મીના કાવીયા
૪૮. શ્રી મિહીર વી. પટેલ
૪૯. શ્રી મિતુલ શાહ
૫૦. શ્રી નરેન્દ્ર સોમાણી
૫૧. શ્રી નવરોઝ તારાપોર
૫૨. શ્રી નિલેશ શુક્લ
૫૩. શ્રી નિલેશ દેસાઇ
૫૪. શ્રી પાર્થ દેસાઇ
૫૫. શ્રી પ્રદિપ જૈન
૫૬. શ્રી પ્રફુલ્લ તલસાણીયા
૫૭. શ્રી પ્રતાપ ચંદન
૫૮. શ્રી પ્રવિણ કોટક
૫૯. શ્રી રમેશ તિલારા
૬૦. શ્રી શફી મણીયાર
૬૧. શ્રી સમીર શેઠ
૬૨. શ્રી સમીર જે. શાહ
૬૩. શ્રી સંજય પુરોહિત
૬૪. શ્રી સંજીવ છાજર
૬૫. શ્રી સૌરીન જે. પરીખ
૬૬. શ્રી શૈલેષ શાહ
૬૭. શ્રી શાંતિભાઇ પટેલ
૬૮. શ્રીમતી શીલ્પા ભટ્ટ
૬૯. શ્રી સુનિલ પારેખ
૭૦. શ્રી સુનિલ વડોદરીયા
૭૧. શ્રી ત્રિલોક પરીખ
૭૨. શ્રી ઉદિત દિવેટીયા
૭૩. શ્રી વિજય એન. શાહ
૭૪. શ્રી વિરંચી શાહ
૭૫. શ્રી યોગેશ પરીખ
૭૬. શ્રી યોગેશ શ્રીધર

## એનેક્ષર-બી

મંજુર થયેલા સભ્યોની યાદી

| | Membership Name | Representative | Category |
|---|---|---|---|
| 1. | C B Dastur & Co | Cyrus Dastur | Firm-Local |
| 2. | Rishabh Trading Corporation | Sunil Jain | Firm-Local |
| 3. | Mahuva Resins Pvt Ltd | Jayesh Ponda | Pvt.Ltd-Local |
| 4. | Powergrace Industries Ltd | Kalidasbhai Patel | Ltd.-Local |
| 5. | Shree Morchhadi Creation | Indiraben Gupta | Firm-Local |
| 6. | Astha Marketing | Ketan Desai | Firm-Local |
| 7. | Letra Graphix Pvt Ltd | Nirav Shah | Pvt.Ltd-Local |
| 8. | Dimple Polymers | Kantibhai Bhuva | Regional-Local |
| 9. | AIA Engineering Ltd | Bhadresh Shah | Ltd-Local |
| 10. | Jayshree K. Brahambhatt | Jayshree K. Brahambhatt | Individual-Local |
| 11. | Ishita Pharmaceuticals | Jagdish Prasas Agrawal | Firm-Local |
| 12. | Parry Engg. & Electrical Pvt. Ltd. | Sharad Rungta | Pvt.Ltd-Local |
| 13. | Ducon Consulting Engineers | Devendra Shah | Firm-Local |
| 14. | Krishna Casting Pvt Ltd | Ashok Patel | Pvt.Ltd-Local |
| 15. | NPM Process Equipments | Chhotalal Patel | Firm-Local |
| 16. | Naksh Engineers | Sagar Shah | Firm-Local |
| 17. | K.M. Electronic Cables PVt Ltd | Khushiram RatanChandani | Pvt.Ltd-Local |
| 18. | Aarna Clothing Pvt Ltd | Anangbhai Lalbhai | Pvt.Ltd-Local |
| 19. | Indo Spine Hospital (Unit Of Svarna Spine Hospital) | Tarak Patel | Firm-Local |
| 20. | Aeldra Consultancy Pvt Ltd | Sanjay Jayswal | Pvt.Ltd-Local |
| 21. | Tyres Zone Sales & Services | sharmil kumar Thakkar | Firm-Local |
| 22. | Jewelxy Marketplace Pvt Ltd | Hemal Soni | Pvt.Ltd-Local |

| | | | |
|---|---|---|---|
| 23. | K J Jewels | Jackie Soni | Firm-Local |
| 24. | Armaanya Textiles Pvt Ltd | Ajay Mittal | Pvt.Ltd-Local |
| 25. | Babuprasad Ramdayal Shah | Babuprasad Ramdayal Shah | Life-Local |
| 26. | Smit Creation | Smita Dsouza | Firm-Local |
| 27. | Swamibaba Agro Pack Pvt. Ltd. | Manharbhai N. Patel | Pvt.Ltd-Local |
| 28. | Mittal Sections Limited | Ajay Mittal | Ltd-Local |
| 29. | Bhaarat Exim | Bhavik Padia | Firm-Local |
| 30. | Ausom Enterprise Ltd. | Kishor Mandalia | Ltd-Local |
| 31. | Sai Cabtech Pvt Ltd | Prakash Soni | Pvt.Ltd-Local |
| 32. | Parth Nilesh Desai | Parth Nilesh Desai | Life-Local |
| 33. | Dhruv Nilesh Desai | Dhruv Nilesh Desai | Life-Local |
| 34. | Jainil Shah | Jainil H. Shah | Firm-Local |
| 35. | Ambica Gems & Jewels | Nishant Dholakia | Firm-Local |
| 36. | Aark Infosoft Pvt Ltd | Nilesh Trivedi | Pvt.Ltd-Local |
| 37. | Montage Laboratories Pvt. Ltd. | Shrenik Shah | Pvt.Ltd-Local |
| 38. | Navpad Pigments Pvt Ltd | Kiritkumar kothari | Pvt.Ltd-Local |
| 39. | S K Rajani & Co. | Sunil rajani | Firm-Regional |
| 40. | Dhanlaxmi Industries | Gautam Patel | Firm-Local |
| 41. | Dani Enterprise | Himanshu Dani | Firm-Local |
| 42. | Dahej Industries Association | Maganbhai Hania | Association-Regional |
| 43. | Shilp Enterprise | Manoj Shah | Firm-Local |
| 44. | Dharti Holidays | Babubai Rawal | Firm-Local |
| 45. | Enerzytech Industries Pvt. Ltd. | Deep Bhojani | Pvt.Ltd-Local |
| 46. | Ashwathi Controls Pvt. Ltd | Nitin D. Goraiya | Pvt.Ltd-Local |
| 47. | Taylormade Renewables Ltd. | Dharmendra S. Gor | Ltd-Local |
| 48. | Shri Bhagwati Saw Mill | Dinesh Patel | Firm-Local |
| 49. | Ample Solar Pvt Ltd | Ravi Patel | Pvt.Ltd-Local |
| 50. | Moti Enterprise | Chetan Sheth | Firm-Local |
| 51. | Navpad Corporation | Manish Shah | Firm-Local |
| 52. | Pushpak Fashion | Mukesh Jain | Firm-Local |

# એનેક્ષર-સી

**મંજુર થયેલ પ્રતિનિધિના નામમાં ફેરફારની યાદી**

| Sr. No. | Name of Member | Name of Representative at present | Name of Representative to be changed |
|---|---|---|---|
| 1. | Saurastra Chamber of Commerce & Industry | Sunilbhai Vadodaria<br>Dilip Kanani | Kiritbhai Soni<br>Tejasbhai Sheth |
| 2. | Bilimora GIDC Ind. Association | Paresh Patel<br>Mukesh Mehta | Paresh Patel<br>Udaybhai Nemani |
| 3. | Bhavnagar District Chamber of Comm & Industries | Samir Shah<br>Mahendra Shah | Deval Shah<br>Mahendra Shah |
| 4. | Ankleshwar Industries Association | Mahesh Patel<br>Ramesh Gabani | Dr. Vallab S. Changani<br>Ramesh Gabani |
| 5. | Meghmani Finechem Limited | Karana Patel<br>Darshan Patel | Maulik Patel<br>Kaushal Soparkar |
| 6. | Ducon Consultant Pvt. Ltd. | Devendra Shah<br>Utsav Shah | Anshul Shah<br>Utsav Shah |
| 7. | Vatva Industries Association | Ankit Patel<br>Dimple Patel | Vashishth Vadhavana<br>Dimple Patel |
| 8. | Diamond Textile Mills Pvt Ltd | Narendra Patel<br>Rajendra Patel | Dhruv Patel<br>Rajendra Patel |
| 9. | M.K. Aircon Systems Pvt Ltd | Dhirendra Shukla<br>Girish Patel | Dhirendra Shukla<br>Bhavna Shukla |
| 10. | Shree Zalawad Chamber of Commerce & Industries | Suresh Trivedi<br>Madhavi Shah | Shailesh Shah<br>Shrinand Palshikar |
| 11. | Jewellers Association Ahmedabad | Rohit Chokshi<br>Daxesh Jani | Jigar Soni<br>Nishant Soni |

**<u>મંજુર થયેલા પ્રતિનિધિની કંપનીના નામમાં ફેરફારની યાદી.</u>**

| Sr. No. | Name of Member at present in GCCI database | Name of Member to be changed | Change in Category, if any |
|---|---|---|---|
| 1 | Vishakha Irrigation Pvt Ltd | Vishakha Plastic Pipes Pvt Ltd | NO |

**<u>મંજુર થયેલા પ્રતિનિધિની કંપનીના સરનામામાં ફેરફારની યાદી.</u>**

| Sr. No. | Name of Member | Old Address | New Address |
|---|---|---|---|
| 1 | Beyondata Solutions Pvt Ltd | FF-3, Geetanjali Shopping Center, Nr. Darpan Cross Road,Navrangpura, Ahmedabad | 312, Sarthik-II, Opp.Rajpath Club,S G Highway,Ahmedabad |

**આઇટેમ નં. ૨**

**૨.૧ અગત્યના પ્રસંગો (૨૩ ઓક્ટોબર થી ૧૩ નવેમ્બર, ૨૦૨૦ દરમ્યાન) :**

| | | | |
|---|---|---|---|
| મંગળવાર | તા. ૩-૧૧-૨૦૨૦ | --- | GCCI બિઝનેસ વિમેન વિંગ કમિટિનું પ્રતિનિધિમંડળ દિપકીરણ ઇન્ડસ્ટ્રીઝની મુલાકાતે. |
| બુધવાર | તા.૪-૧૧-૨૦૨૦ | સાંજે ૫-૦૦ કલાકે | GCCI બિઝનેસ વિમેન વિંગ કમિટિના ઉપક્રમે " Cyber Crime & Cyber Security" વિષે યોજવામાં આવેલ વેબીનાર. |
| શુક્રવાર | તા.૬-૧૧-૨૦૨૦ | --- | GPCB ના ચેરમેન સાથે ગુજરાત ચેમ્બરના હોદ્દેદારોની યોજવામાં આવેલ મિટિંગ. |
| શુક્રવાર | તા.૬-૧૧-૨૦૨૦ | --- | ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સાથે ગુજરાત ચેમ્બરના હોદ્દેદારોની શુભેચ્છા મિટિંગ. |
| શુક્રવાર | તા.૬-૧૧-૨૦૨૦ | --- | ગુજરાત ચેમ્બરના હોદ્દેદારોની કેન્દ્રના શીપીંગ વિભાગના રાજ્યકક્ષાના માનનીય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયા સાથે યોજવામાં આવેલ મિટિંગ. |
| શુક્રવાર | તા.૬-૧૧-૨૦૨૦ | --- | ગુજરાત ચેમ્બરના હોદ્દેદારોની રાજ્યના ગૃહ વિભાગના માનનીય મંત્રી શ્રી પ્રદિપસિંહજી જાડેજા સાથે શુભેચ્છા મિટિંગ. |
| બુધવાર | તા. ૧૧-૧૧-૨૦૨૦ | સાંજે ૪-૦૦ કલાકે | અમદાવાદ પોલીસ ઝોન-૨ તથા ૭ ના DCP શ્રી વિજય પટેલ અને શ્રી પ્રેમસુખભાઇ ડેલુ તથા GCCIના હોદ્દેદારો દ્વારા GCCIના ૨૭ વેપારી એસોસીયેશન/ મહાજનોના પ્રતિનિધિઓ સાથે COVID-19 માટે તકેદારી અને સલામત વેપાર વિષે યોજવામાં આવેલ પરિસંવાદ. |

**૨.૨ ચેમ્બરની રજૂઆતો**

- 63 AAA ની જોગવાઇઓ એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ માટે અમલી બનાવવા તેમજ GDCR માં ફેરફાર કરી એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટમાં યુનિટ સૈઝમાં ફેરફાર કરવા તેમજ Floor Hight ની મર્યાદા હટાવવા વિગેરે રીયલ એસ્ટેટ ના પ્રશ્નો અંગે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ રજૂઆત. (તા.૨૩-૧૦-૨૦૨૦)
- લગ્ન-મરણ પ્રસંગમાં ૨૦૦ વ્યક્તિઓની છુટ આપવા બાબતે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ રજૂઆત. (તા.૨૪-૧૦-૨૦૨૦)
- દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી વેપારીઓના જનરલ ઇન્વેસ્ટીગેશન આ સમય દરમ્યાન હાથ ન દરવા અંગે ચીફ કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્ષીસ શ્રી જે.પી. ગુપ્તાને પાઠવેલ રજૂઆત. (તા.૨૬-૧૦-૨૦૨૦)
- આવનારા દિવાળીના તહેવારના દિવસોમાં દુકાનદારો અને ધંધાર્થીઓને રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી ધંધો ચાલુ રાખવા અંગે મંજુરી આપવા બાબતે ગુજરાત રાજ્યના માનનીય ગૃહ મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાને પાઠવેલ પત્ર. (તા.૨૭-૧૦-૨૦૨૦)

- નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના ઓર્ડર અને CEPI સ્કોર અંગે વિસંગતતાઓ વિષે ભારત સરકારના વન, પર્યાવરણ અને ક્લાયમેટ ચેન્જ મંત્રાલયના સેક્રેટરી શ્રી આર. પી. ગુપ્તાને પાઠવેલ રજૂઆત. (તા.૨૮-૧૦-૨૦૨૦)
- GPCB દ્વારા હાલના તહેવારના દિવસોમાં તેમજ COVID-19 ને ધ્યાનમાં રાખી આગામી તહેવારના દિવસો દરમ્યાન ઉદ્યોગોને ક્લોઝરના આદેશ નહીં આપવા અંગે વિનંતી બાબતે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, માનનીય મુખ્યમંત્રીશ્રી તથા GPCBના ચેરમેન શ્રી સંજીવકુમાર અને ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી એમ. કે દાસને પાઠવેલ પત્ર. (તા.૨૯-૧૦-૨૦૨૦)
- GPCB દ્વારા હાલના તહેવારના દિવસોમાં તેમજ COVID-19 ને ધ્યાનમાં રાખી આગામી તહેવારના દિવસો દરમ્યાન ઉદ્યોગોને ક્લોઝરના આદેશ નહીં આપવા અંગે વિનંતી બાબતે પર્યાવરણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારને પાઠવેલ પત્ર. (તા.૩૦-૧૦-૨૦૨૦)
- અમદાવાદ શહેરની GIDC વસાહતોમાં પ્રવેશતા ભારે વાહનોને પ્રતિબંધમાંથી મુક્તિ આપવા તેમજ વાહનોના પ્રવેશ માટે દાખલ કરવામાં આવેલ પરમીટ સીસ્ટમ નાબૂદ કરવા અંગે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવને પાઠવેલ રજૂઆત. (તા.૩૦-૧૦-૨૦૨૦)
- ભારતના વિભિન્ન પોર્ટ અને એરપોર્ટ માંથી આયાત-નિકાસના કસ્ટમ ડેટા પબ્લીશ ન કરવા અંગે ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ શ્રી અમીત યાદવ તેમજ એડીશનલ DGFT શ્રી અનિલકુમાર ચૌધરીને પાઠવેલ પત્ર. (તા.૨-૧૧-૨૦૨૦)
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને લગતા સૂચનો બાબતે મ્યુનિ. કમિશ્નર શ્રી મુકેશકુમાર ને પાઠવેલ રજૂઆત. (તા.૨-૧૧-૨૦૨૦)
- અમદાવાદના હોટલ અને રેસ્ટોરન્ટને રાત્રીના ૧૨ વાગ્યા સુધી ચાલુ રાખવા મંજુરી આપવા બાબતે અમદાવાદ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર શ્રી મુકેશકુમારને પાઠવેલ રજૂઆત. (તા.૬-૧૧-૨૦૨૦)
- GPCB/ SEAC/SEIAA ને ગુજરાતમાં હાલમાં કાર્યરત ઔદ્યોગિક એકમોને વિસ્તૃતિકરણ અને મોર્ડનાઇઝેશન કરવા તેમજ નવા યુનિટ્સ સ્થાપવા માટેના પ્રતિબંધને દૂર કરવા ગુજરાત રાજ્યના વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. રાજીવકુમાર ગુપ્તાને પાઠવેલ રજૂઆત. (તા.૭-૧૧-૨૦૨૦)

## ૨.૩ એક્શન ટેકન રીપોર્ટ

- ગઇ કારોબારી સમિતિની મિટિંગમાં ખડૂતોને તેમની કૃષિ જણસીના પોષણક્ષમ ભાવ મળે તે સારુ રજૂઆત કરવા અંગે સૂચન કરવામાં આવ્યું હતું જે અનુસંધાને માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીને તા.૧૧-૧૧-૨૦૨૦ ના રોજ રજૂઆત કરી રાજ્યમાં ખેડૂત ગ્રાહક બજારની સ્થાપના સારુ ડ્રાફ્ટ ટી.પી. સ્કીમમાં રીઝર્વેશન કરવા અંગે સૂચન કરવામાં આવ્યું છે.
- ગઇ કારોબારી સમિતિની મિટિંગમાં કચ્છ વિસ્તારને ફર્નિચર માટેના હબ તરીકે વિકસાવવા અંગે રજૂઆત કરવા જણાવવામાં આવ્યું હતું જે અનુસંધાને તા.૧૨-૧૧-૨૦૨૦ ના રોજ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીને કચ્છમાં ફર્નિચર ઉદ્યોગ અને રહેલી તકો તેમજ તેને વિકસાવવા માટે સરકારશ્રીની સહાયતા માટે વિનંતી કરતો પત્ર મોકલવામાં આવ્યો હતો.
- ગઇ કારોબારી સમિતિની મિટિંગમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી હતી જે અનુસંધાને તા.૨-૧૧-૨૦૨૦ ના રોજ મ્યુનિ. કમિશ્નર શ્રી મુકેશ કુમાર ને રજૂઆત કરવામાં આવી છે. વધુમાં ચાલુ પ્રોસેસ હાઉસ અને ફેક્ટરીને દિવાળીના તહેવાર દરમ્યાન બાંધકામની બાબતે સીલ ન કરવા માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીને તા.૧૧-૧૧-૨૦૨૦ ના રોજ રજૂઆત કરવામાં આવી છે.
- ગઇ કારોબારી સમિતિની મિટિંગમાં માનનીય ઉર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલને ચેમ્બરમાં બોલાવવા અંગે સૂચન કરવામાં આવ્યું હતું અને સભ્યો પાસેથી ઉર્જા ક્ષેત્રના પ્રશ્નો મંગાવવા જણાવ્યું હતું. આના અનુસંધાને ઉર્જા તેમજ વૈકલ્પિક ઉર્જા જેવી કે સોલર વિગેરે અંગેના પ્રશ્નો સભ્યો પાસેથી મંગાવી તેનું

સંકલન કરવામાં આવ્યું છે. સાથો સાથ શ્રી સૌરભભાઇ પટેલને ચેમ્બરમાં આમંત્રણ આપવા અંગેની કાર્યવાહી ચાલુ છે.

- ગત કારોબારી સમિતિની મિટિંગમાં શહેરમાં ભારે વાહનોના પ્રવેશ અંગે રજૂઆત કરવામાં આવી હતી. જે અનુસંધાને પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવને તા.૩૦-૧૦-૨૦૨૦ ના રોજ રજૂઆત કરવામાં આવી છે.
- વેપારીઓ તેમજ હોટલ રેસ્ટોરન્ટ ધારકો તરફથી તેમના ધંધાને રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી ચાલુ રાખવા અંગેની રજૂઆત ચેમ્બરને મળેલ હતી જે અનુસંધાને GCCI દ્વારા તા.૬-૧૧-૨૦૨૦ ના રોજ મ્યુનિ. કમિશ્નરશ્રી અને તા.૧૧-૧૧-૨૦૨૦ ના રોજ શ્રી રાજીવકુમાર ગુપ્તાને રજૂઆત કરવામાં આવી હતી જે અંગે સકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો છે.
- GCCIની રીજનલ ચેમ્બર તરફથી લગ્ન-મરણ પ્રસંગમાં ૨૦૦ વ્યક્તિઓની છુટ આપવા અંગેની રજૂઆત મળી હતી તેના અનુસંધાનમાં GCCI દ્વારા તા.૨૪-૧૦-૨૦૨૦ ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરવામાં આવેલ અને તેનો સકારાત્મક નિર્ણય આવેલ છે.
- તા.૧૮-૯-૨૦૨૦ની કારોબારી સમિતિમાં ચેમ્બરને આપેલ સત્તા મુજબ ADRC નું રીનોવેશનનું કામ ચાલુ છે જેનો અંદાજીત ખર્ચ રૂ.૧૬ લાખ થશે જે આપ સૌની જાણ માટે.
- તા.૨૯-૧૦-૨૦૨૦ની કારોબારી સમિતિની મિટિંગમાં ચેમ્બરના હોદ્દેદારોને આપેલી સત્તા મુજબ ચેમ્બરના પાર્કીંગમાં વોટરપ્રુફીગનું કામ ચાલુ છે જેનો અંદાજીત ખર્ચ રૂ.૧૮ લાખ આવશે જે આપ સૌની જાણ માટે.

**૨.૪ સ્ક્રુટિની સમિતિનો રીપોર્ટ :**

- આ અહેવાલ મિટિંગ સમયે આપવામાં આવશે.

**૨.૫ ચેમ્બર દ્વારા આપવામાં આવેલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન અને વીઝા લેટર્સની વિગત.**

**સર્ટીફીકેટ ઓફ ઓરીજીન :**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ-૧૯<br>૩૯૪૨ | મે-૧૯<br>૩૯૮૧ | જુન-૧૯<br>૩૮૬૩ | જુલાઇ-૧૯<br>૩૫૫૨ | ઓગષ્ટ-૧૯<br>૩૮૩૫ | સપ્ટેમ્બર-૧૯<br>૩૨૬૬ | ઓક્ટોબર-૧૯<br>૩૬૧૮ |
| એપ્રિલ-૨૦<br>૩૬૫૪ | મે-૨૦<br>૩૮૦૭ | જુન-૨૦<br>૩૩૪૭ | જુલાઇ-૨૦<br>૩૭૯૬ | ઓગષ્ટ-૨૦<br>૨૦૧૯ | સપ્ટેમ્બર-૨૦<br>૩૪૧૬ | ઓક્ટોબર-૨૦<br>૩૪૭૩ |
| નવેમ્બર-૧૯<br>૩૧૫૧ | ડિસેમ્બર-૧૯<br>૩૩૩૫ | જાન્યુઆરી-૨૦<br>૩૮૨૧ | ફેબ્રુઆરી-૨૦<br>૩૬૯૫ | માર્ચ-૨૦<br>૩૯૦૫ | કુલ-૨૦૧૯-૨૦<br>૪૩૯૬૪ | |
| નવેમ્બર-૨૦ | ડિસેમ્બર-૨૦ | જાન્યુઆરી-૨૧ | ફેબ્રુઆરી-૨૧ | માર્ચ-૨૧ | કુલ-૨૦૨૦-૨૧<br>૨૦૦૩૯ | |

**૨.૬**

**ADRC દ્વારા થયેલ કાર્યોની વિગત :**

| No. Of Pending Cases as on 12/11/2020 | ADRC Room Income From 1/04/2020 to 12/11/2020 | ADRC administration income from 1/04/2020 to 12/11/2020 | Total ADRC income from 1/04/2020 to 12/11/2020 |
|---|---|---|---|
| 14 | Rs.69,882/- | Rs.7,45,314/- | **Rs.8,15,196/-** |

## આઇટેમ નં. ૩ (કમિટિઓની મિટિંગોની માહિતી)

૩. ૧

નં. ૧ GCCIની ડાયરેક્ટ ટેક્ષ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની જાણ કરવા. (તા. ૨૭-૧૦-૨૦૨૦)

નં. ૨ GCCIની મહાજન સંકલન (સ્થાનિક) કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની જાણ કરવા. (તા.૨૮-૧૦-૨૦૨૦)

નં. ૩ GCCIની એન્વાયર્મેન્ટ ટાસ્ક ફોર્સની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની જાણ કરવા. (તા. ૨૮-૧૦-૨૦૨૦)

નં. ૪ GCCIની બિઝનેસ વિમેન વિંગ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૨૮-૧૦-૨૦૨૦)

નં. ૫ GCCIની IPR & Legal કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૩૦-૧૦-૨૦૨૦)

નં. ૬ GCCIની SMART કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૪-૧૧-૨૦૨૦)

નં. ૭ GCCIની Hospitality કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા.૪-૧૧-૨૦૨૦)

નં. ૮ GCCI Insurance ટાસ્ક ફોર્સની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૬-૧૧-૨૦૨૦)

નં. ૯ GCCIની લોજીસ્ટીક કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૭-૧૧-૨૦૨૦)

નં. ૧૦ GCCIની ટેક્ષટાઇલ ટાસ્ક ફોર્સની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૯-૧૧-૨૦૨૦)

નં. ૧૧ GCCIની ફોરેન ટ્રેડ ટાસ્ક ફોર્સની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૧૧-૧૧-૨૦૨૦)

નં. ૧૨ GCCIની Film, Entertainment, Media and Event કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૨૩-૧૦-૨૦૨૦)

નં. ૧૩ GCCIની CSR ટાસ્ક ફોર્સ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા.૧૨-૧૧-૨૦૨૦)

નં. ૧૪ GCCIની IT કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૧૩-૧૧-૨૦૨૦)

૩.૨ **સલાહકારી સમિતિની મિટિંગની માહિતી :**

નં. ૧ SSIPની પોલીસી ઇમ્પ્લીમેન્ટેશન કમિટિની મળેલ મિટિંગમાં ચેમ્બરના સેક્રેટરી જનરલ શ્રી યોગેન્દ્ર ત્રિવેદીની ઉપસ્થિતિ (તા.૪-૧૧-૨૦૨૦)